પાનોલીની કંપનીમાં બ્લાસ્ટ બાદ આગ ભભૂકી ઊઠી, મહિલા ઘાયલ

પ્લાન્ટનાં પતરાં ઊડ્યાં; વિસ્તારમાં ભયનો માહોલ

પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વરઃ પાનોલી જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીમાં ટેસ્ટિંગ દરમિયાન અચાનક બ્લાસ્ટ થતાં આગ ભભૂકી ઊઠી હતી. આ ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ વેસ્ટ કલેક્શન, ટ્રીટમેન્ટ અને નિકાલ સાથે સંકળાયેલી ચિદાકાશ એન્વિરો પ્રોજેક્ટ્સ પ્રા. લિ. કંપનીમાં ટ્રાયલ બેઝ પ્લાન્ટ શરૂ કરવામાં આવી રહ્યો હતો. દરમિયાન અચાનક ધડાકો થતાં આગ ફાટી નીકળી હતી. બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે પ્લાન્ટનાં પતરાં હવામાં ઊડી ગયાં હતાં. આગ લાગતા કંપનીમાંથી ગાઢ ધુમાડાના ગોટા આકાશમાં ફેલાઈ ગયા હતા, જે દૂર દૂર સુધી નજરે પડતા આસપાસના વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનામાં એક મહિલા કામદારના પગમાં ઈજા પહોંચી હતી. જેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ઘટના સ્થળે હાજર આશરે ૩૦થી ૪૦ કામદારો દોડીને બહાર નીકળી જતા મોટા અકસ્માતથી બચી ગયા હતા. આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવી લીધો હતો અને કુલિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ, જીપીસીબી તેમજ ઈન્ડસ્ટ્રિયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે. બ્લાસ્ટનું ચોક્કસ કારણ શું હતું એ અંગે તપાસ ચાલુ છે.

જૂના બોરભાઠા બેટ ખાતે દોડતી ટ્રેનમાંથી ઊતરવા જતાં મહિલા ઘાયલ

ભરૂચઃ ભરૂચના જૂના બોરભાઠા બેટ વિસ્તારમાં મંગળવારે એક દુઃખદ ઘટના બની છે. વડોદરાથી સુરત તરફ જતી દોડતી ટ્રેનમાંથી ઊતરવાનો પ્રયાસ કરતી વખતે એક મહિલા ગંભીર રીતે ઘવાઈ હતી. પ્રાથમિક તપાસ મુજબ ઊતરતી વખતે મહિલાએ સંતુલન ગુમાવ્યું હતું, જેથી તે પ્લેટફોર્મ પર પટકાઈ હતી. ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી અને તેને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ મહિલા ઉત્તર પ્રદેશની રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. ભરૂચ રેલવે પોલીસે આ સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

ગડખોલમાં ઝઘડો શાંત કરાવવા જતાં યુવક પર કાતર વડે હુમલો

4 શખ્સે યુવકની પાંસળી તોડી કાતરના પાંચ ઘા ઝીંકી દીધા

નિશાંત રોય, વિવેકસિંઘ, કુંદન અને અભિષેક ઉર્ફે ચીકુ સામે ગુનો નોંધાયો

ભરૂચ, અંકલેશ્વરઃ અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસ મથકની હદમાં આવતા ગડખોલ વિસ્તારમાં રાત્રિના સમયે આનંદવિહાર સોસાયટીમાં રહેતા અને દહેજની તત્ત્વચિંતન કંપનીમાં પ્લાન્ટ ઓપરેટર તરીકે નોકરી કરતા 25 વર્ષીય નવીનકુમાર દિનેશકુમાર તિવારી પર તેમની જ સોસાયટીમાં રહેતા 4 શખ્સે જીવલેણ હુમલો કર્યો હતો.

અંકલેશ્વર બી-ડિવિઝનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ નવીનકુમાર તા.16મી માર્ચે રાત્રિના સમયે 11:15 વાગ્યા બાદ પોતાનું કામ પતાવીને ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે તેમણે વિજયનગર વિસ્તારમાં ઉમા મેડિકલની સામે જોયું કે તેમની જ સોસાયટીમાં રહેતા નિશાંત રોય, વિવેકસિંઘ, કુંદન અને અભિષેક ઉર્ફે ચીકુ અંદરોઅંદર લડી રહ્યા હતા. નવીનકુમારે માનવતાના ધોરણે વચ્ચે પડીને તેમને લડવાનું કારણ પૂછતાં આ ચારેય આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલી નવીનકુમાર સાથે ઝઘડો કરવા લાગ્યા હતા. આ દરમિયાન આરોપી નિશાંત રોયે પોતાની પાસે રહેલી કાતર વડે નવીનકુમારની પીઠના ભાગે નાના-મોટા 5 જેટલા ઘા ઝીંકી દીધા હતા અને જમણા કાનની પાછળના ભાગે પણ ઘા મારી લોહીલુહાણ કરી દીધા હતા. અન્ય આરોપીઓ કુંદન અને અભિષેકે તેમને તમાચા તથા ઢીકાપાટુનો માર માર્યો હતો, જ્યારે વિવેકસિંઘે ગાળો બોલી માર માર્યો હતો. આ ચારેય શખ્સોએ ભેગા મળીને નવીનકુમારને એટલી હદે માર માર્યો હતો કે તેમની ડાબી બાજુની પાંચમી પાંસળીમાં ફ્રેક્ચર થઈ ગયું હતું અને માથામાં પણ ગંભીર મૂઢ ઈજા પહોંચી હતી. આ હુમલા દરમિયાન આસપાસથી શિવમ શર્મા અને આકાશ યાદવ સહિતના લોકો દોડી આવતાં આરોપીઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા. ઇજાગ્રસ્તને 108 મારફતે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. અંકલેશ્વર બી-ડિવિઝને ગુનો નોંધી આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જીપીસીબી સામે સીઈટીપી પ્રોજેક્ટની પરવાનગીમાં વિલંબ મુદ્દે

અંકલેશ્વરના ઉદ્યોગપતિઓની અનિશ્ચિત ઉપવાસની ચેતવણી

આગામી તા.23 માર્ચે ગાંધીનગરમાં ભૂખ હડતાળ કરશે

અંકલેશ્વરઃ અંકલેશ્વર સ્થિત ઉદ્યોગકારોએ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) સામે અસંતોષ વ્યક્ત કરતાં અનિશ્ચિત ઉપવાસ કરવાની ચેતવણી આપી છે. અંકલેશ્વર વેસ્ટ મેનેજમેન્ટ એસોસિએશનના પ્રતિનિધિ રમેશ ગાબાણીએ મામલતદારને અરજી આપી ૨૩ માર્ચથી ઉપવાસ માટે પરવાનગી માંગી છે.

અરજી મુજબ એસોસિએશન દ્વારા આધુનિક તકનીકોથી સજ્જ સીઈટીપી પ્રોજેક્ટ માટે સીસીએ મંજૂરી મેળવવા છેલ્લા એક વર્ષથી રજૂઆતો કરવામાં આવી રહી છે. છતાં પણ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પરવાનગી આપવા બાબતે લાંબા સમયથી વિલંબ થતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

અત્રે નોંધવું ઘટે કે પ્રદૂષણ નિયંત્રણ કાયદા હેઠળ આ એક વખતની પરવાનગી છે. જે ઔદ્યોગિક એકમોને એક જ વારમાં સંચાલન માટે સંમતિ, જોખમી કચરા માટે અધિકૃતતા અને ઇ-વેસ્ટ અધિકૃતતા મેળવવા માટે પાત્ર બનાવે છે. ઉદ્યોગકારોનો દાવો છે કે આ વિલંબના કારણે એક તરફ કરોડો રૂપિયાના ખર્ચે ઊભા કરાયેલા પ્રોજેક્ટ પર અસર પડી રહી છે. તો બીજી તરફ પર્યાવરણીય અનુપાલન માટેની વ્યવસ્થાઓ પણ અટવાઈ રહી છે.

આ પરિસ્થિતિને લઈ અંકલેશ્વર ઉદ્યોગમંડળના પૂર્વ પ્રમુખ રમેશ ગાબાણીએ જણાવ્યું કે, જો તાત્કાલિક નિર્ણય લેવામાં નહીં આવે તો તેઓ તથા તેમના સહભાગીઓ ૨૩ માર્ચ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગ્યાથી ગાંધીનગરના સેક્ટર-૧૦એ સ્થિત જીપીસીબી હેડ ઓફિસ, પર્યાવરણ ભવનના મુખ્ય દરવાજા પાસે અનિશ્ચિત ઉપવાસ પર બેસશે. અરજીમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ઉપવાસ સંપૂર્ણપણે અહિંસક રહેશે અને ટ્રાફિક કે જાહેર વ્યવસ્થાને કોઈ અવરોધ ન થાય તેની કાળજી લેવામાં આવશે. સાથે જ સ્વચ્છતા જાળવવા તથા પોલીસના તમામ નિર્દેશોનું પાલન કરવાની ખાતરી પણ આપવામાં આવી છે.

ઉદ્યોગકારોના આક્ષેપોને લઈને હવે જિલ્લા પ્રશાસન તેમજ જીપીસીબી શું નિર્ણય લે છે તે જોવું રહ્યું. જો પરવાનગી મુદ્દે ઉકેલ ન આવે તો ઉદ્યોગકારોનો આંદોલનનો માર્ગ રાજ્યની ઔદ્યોગિક નીતિ અને પર્યાવરણ મંજૂરી પ્રક્રિયા અંગે નવી ચર્ચાઓ ઊભી કરી શકે.

ઝઘડિયામાં ગોડાઉન કીપરે ૯૫૬ સિલિન્ડર બારોબાર વેચી દીધા!

17.57 લાખના સિલિન્ડર સગેવગે કર્યાની ફરિયાદ, આરોપી અમદાવાદથી ઝડપાયો



ભરૂચઃ ઝઘડિયાની નિસર્ગ ગેસ એજન્સીના ગોડાઉનમાંથી 956 ગેસ સિલિન્ડર બારોબાર સગેવગે કરી લાખો રૂપિયાની ગેરરીતિ આચરવાના ગુનામાં ફરાર ગોડાઉન કીપર પીયૂષ ભગુભાઈ ગામીતને પોલીસે અમદાવાદથી ઝડપી પાડ્યો છે.

સુરતના પાર્લે પોઈન્ટ વિસ્તારમાં રહેતા દિગ્વિજયસિંહ પૃથ્વીસિંહ વળવી ઝઘડિયા ખાતે નિસર્ગ ગેસ એજન્સી ચલાવે છે. તેમની એજન્સી દ્વારા ભારત પેટ્રોલિયમ કંપની લિમિટેડના ઘરેલુ તથા કોમર્શિયલ ગેસ સિલિન્ડરનું વેચાણ કરવામાં આવે છે. આ એજન્સીની ઓફિસ ઝઘડિયામાં HDFC બેન્ક પાસે આવેલી છે, જ્યારે ગોડાઉન ITI રોડ પર સરવે નં.421 ખાતે આવેલું છે. આ ગોડાઉનમાં વાલિયાના નિકોલી ગામના પીયૂષભાઈ ભગુભાઈ ગામીત છેલ્લાં 13 વર્ષથી ગોડાઉન કીપર તરીકે ફરજ બજાવતો હતો. ગત તા.16 માર્ચ, 2026ના રોજ ગોડાઉનમાં સ્ટોકનું રૂટિન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, જે દરમિયાન 14.2 કિલોગ્રામના ઘરેલુ ગેસ સિલિન્ડરના સ્ટોકમાં કુલ 956 સિલિન્ડર ઓછા હોવાનું સામે આવતાં એજન્સીના માલિક ચોંકી ઊઠ્યા હતા. આ મોટી ઘટ અંગે ગોડાઉન કીપર પીયૂષ ગામીતની પૂછપરછ કરતાં તેણે ગલ્લાંતલ્લાં કરી કેટલાક સિલિન્ડર ગ્રાહકો પાસે બાકી હોવાનું તેમજ કેટલાક વેચાઈ ગયા હોવાના અસંતોષકારક જવાબો આપ્યા હતા. જો કે, એજન્સી દ્વારા કરવામાં આવેલી ઝીણવટભરી ગણતરી મુજબ 956 સિલિન્ડરની રિફિલિંગ કિં.રૂ.3,71,680 અને ખાલી સિલિન્ડરની કિં.રૂ.13,86,200 મળી કુલ રૂ.17,57,880ની માતબર રકમના ગેસ સિલિન્ડર ગોડાઉન કીપરે ગેરરીતિ આચરીને સગેવગે કરી દીધા હોવાનું ખૂલ્યું હતું.

આટલા મોટા પાયે આર્થિક નુકસાન અને વિશ્વાસઘાત થતા એજન્સીના માલિક દિગ્વીજયસિંહે ઝઘડિયા પોલીસ મથકમાં આરોપી પીયૂષ ગામીત વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. લાખો રૂપિયાનો ગેરવહીવટ કરીને નાસી છૂટેલા આરોપીને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યાં હતાં અને આખરે આરોપી ગોડાઉન કીપર પીયૂષને અમદાવાદ ખાતેથી ઝડપી લેવાયો હતો.

પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર જીઆઈડીસીમાં આખલા પર એસિડ હુમલો

આખલાને ગંભીર હાલતમાં સારવાર હેઠળ ખસેડાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં એક નિર્દોષ આખલા પર અજાણ્યા ઇસમ દ્વારા એસિડ ફેંકવાની ક્રૂર ઘટના સામે આવી હતી. આ બનાવમાં આખલો ગંભીર રીતે દાઝી જતાં ભારે પીડામાં કણસતો હતો અને ઘટના સ્થળે જ ઢળી પડ્યો હતો.

આ ઘટનાને જોઈ સ્થાનિક લોકો તાત્કાલિક સક્રિય બન્યા હતા અને પશુ ચિકિત્સકો તેમજ જીવદયા કાર્યકર્તાઓને જાણ કરી હતી. માહિતી મળતા જ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્ત આખલાની સારવાર શરૂ કરવામાં આવી હતી. પશુ ચિકિત્સકોના જણાવ્યા મુજબ એસિડના કારણે આખલાને ગંભીર ઈજાઓ પહોંચી હતી, તેમ છતાં તેની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. હાલ આખલો સારવાર હેઠળ છે.

આ ક્રૂર બનાવને લઈ વિસ્તારના રહેવાસીઓમાં ભારે રોષ ફેલાયો છે. પ્રાણીઓ પર આ પ્રકારની અમાનવીય હરકત કરનાર અજાણ્યા વ્યક્તિને ઝડપીને કડક કાર્યવાહી કરવાની માંગ ઊઠી રહી છે. સ્થાનિકોએ પોલીસ તંત્રને પણ ઘટનાની જાણ કરી હોવાનું જાણવા મળે છે અને પોલીસે આ મામલે તપાસ શરૂ કરવાની શક્યતા છે.

ભરૂચ-નર્મદામાં 1053 એકમ પાસે વેટ-GSTના રૂ.403.50 કરોડ બાકી

ગાંધીનગરઃ ભરૂચ અને નર્મદા જિલ્લામાં કુલ 1053 ઔદ્યોગિક એકમો તથા વ્યાપારી ગૃહો પાસેથી વેટ અને જીએસટીના રૂ.403.50 કરોડથી વધુ વેરા બાકી હોવાની વિગતો સરકારે જણાવી છે. તા. 31 જાન્યુઆરી 2026ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સૌથી વધુ 526 એકમો અંકલેશ્વર તાલુકામાં છે, જેમણે રૂ.172.65 કરોડ જેટલો વેરો બાકી રાખ્યો છે. ભરૂચ તાલુકામાં 274 એકમો પાસે રૂ. 118.81 કરોડ, વાગરા-દહેજમાં 91 એકમો પાસે રૂ. 58.93 કરોડ અને ઝઘડિયામાં 65 એકમો પાસે રૂ. 28.39 કરોડ વેરો બાકી છે. ઉપરાંત આમોદ તાલુકામાં 15 એકમો પાસે રૂ. 3.42 કરોડ, વાલિયા તાલુકામાં 15 એકમો પાસે રૂ. 6.42 કરોડ અને જંબુસર તાલુકામાં 23 એકમો પાસે રૂ. 4.68 કરોડ જેટલો વેરો બાકી છે. નર્મદા જિલ્લામાં નાંદોદ તાલુકામાં 29 એકમો પાસે રૂ. 9.18 કરોડ, ડેડિયાપાડામાં 6 એકમો પાસે રૂ. 41.76 લાખ, હાંસોટમાં 5 એકમો પાસે રૂ. 47.07 લાખ, સાગબારા-સેલંબામાં 2 એકમ પાસે રૂ.7.72 લાખ અને તિલકવાડામાં 2 એકમો પાસે રૂ. 94 હજાર જેટલો વેરો બાકી છે. સરકારે જણાવ્યું હતું કે, બાકી રહેલા વેરાની વસૂલાત માટે વેટ અને જીએસટી કાયદા મુજબ જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે અને વસૂલાત પરિણામલક્ષી બને તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવશે.

અંકલેશ્વરમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ કૌભાંડ, 28 બોટલ જપ્ત

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ગુપ્ત માહિતીના આધારે મીરાનગર વિસ્તારમાં આવેલ "ગુપ્તા પ્રોવિઝન સ્ટોર" પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન દુકાનમાંથી 15 ખાલી ઘરેલુ ગેસ બોટલો તેમજ વિવિધ કંપનીની 13 કોમર્શિયલ ગેસ બોટલો મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, દુકાનદાર મોટા ગેસ સિલિન્ડરમાંથી નાના સિલિન્ડરમાં ગેરકાયદે રીતે ગેસ રિફિલિંગ કરતો હતો, જે ગંભીર રીતે જોખમી પ્રક્રિયા છે અને લોકોના જીવને જોખમમાં મૂકે છે. પોલીસે સ્થળ પરથી કુલ 28 ગેસ બોટલ સહિત અંદાજે રૂ.21 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલ પોલીસે દુકાનદાર વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. એક તરફ સામાન્ય લોકોને ગેસ બોટલો સરળતાથી મળતા નથી, ત્યારે કાળા બજારમાં એક બોટલ રૂ.2000થી 3500 સુધીમાં વેચાતી હોવાના આક્ષેપો સામે આવ્યા છે. આ સમગ્ર મામલે સૌથી મોટો સવાલ એ છે કે ગેસ એજન્સીઓમાંથી આ બોટલો ગેરકાયદેસર રીતે વેપારીઓ સુધી કેવી રીતે પહોંચી રહી છે.

પીપોદરા-કીમ GIDCમાં ગેસની અછત સર્જાતાં કલેક્ટરને રજૂઆત

ઉદ્યોગોને ધમધમતા રાખવા ગેસની અછતને દૂર કરવા માંગ

હથોડાઃ પીપોદરા-કીમ જીઆઈડીસી વિસ્તારના ટેક્સટાઈલ ઉદ્યોગમાં પણ એલપીજી ગેસ સિલિન્ડરની અછત સર્જાવાને કારણે ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. આ મુદ્દે કીમ-પીપોદરા વિવર્સ એસોસિએશન દ્વારા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે અને યોગ્ય પગલાં ભરવા માંગ કરવામાં આવી છે. કીમ-પીપોદરા વિસ્તાર સુરત જિલ્લાના મહત્ત્વના ટેક્સટાઈલ હબ તરીકે ઓળખાય છે, જ્યાં હજારો પાવરલૂમ અને વિવિંગ એકમો કાર્યરત છે. આ તમામ એકમો એલપીજી ગેસ આધારિત બોઈલર અને મશીનો પર નિર્ભર હોવાથી ગેસની અછત સીધી રીતે ઉત્પાદન પ્રક્રિયા પર અસર કરી રહી છે. એસોસિએશનના જણાવ્યા મુજબ હાલ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને કારણે એલપીજી ગેસની સપ્લાય મર્યાદિત બની ગઈ છે, જેના કારણે ઉદ્યોગોને જરૂરી પ્રમાણમાં ગેસ મળતો નથી. પરિણામે, અનેક ટેક્સટાઈલ એકમો મુશ્કેલીમાં મુકાયાં છે અને ઉત્પાદન ઘટાડવાનું કે બંધ કરવાની સ્થિતિમાં છે. એસોસિએશનના પ્રમુખ રસિકભાઈ કોટડિયાએ જણાવ્યું હતું કે, જો તાત્કાલિક ગેસની પૂરતી અને નિયમિત સપ્લાય સુનિશ્ચિત નહીં થાય તો હજારો મજૂરોના રોજગાર પર ગંભીર અસર પડશે અને ઉદ્યોગને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડશે.

ભરૂચ-અંકલેશ્વરના વિકાસ માટે બૌડાનું રૂ.203.86 કરોડનું બજેટ મંજૂર

શહેરી વિસ્તારના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ કામો માટે ભંડોળ ફાળવાયું

ભરૂચઃ ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ (બૌડા)ની બોર્ડ બેઠકમાં આગામી નાણાકીય વર્ષ 2026-27 માટે નોંધપાત્ર બજેટ પસાર કરવામાં આવ્યું છે. કલેક્ટર ગૌરાંગ મકવાણાની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં શહેરી વિસ્તારના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ કામો માટે ભંડોળ ફાળવવામાં આવ્યું છે.

બોર્ડ દ્વારા રૂ.203.86 કરોડના બજેટને મંજૂરી આપવામાં આવી છે. આ બજેટમાં મહેસૂલી આવકનો લક્ષ્યાંક રૂ.30.54 કરોડ નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે અન્ય વિવિધ ફંડો દ્વારા રૂ.31 કરોડની આવક થવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. આ બજેટમાં ભરૂચ અને અંકલેશ્વર શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. વિવિધ ક્ષેત્રો માટે નીચે મુજબ ભંડોળ ફાળવવામાં આવ્યું છે. શહેરના રસ્તાઓના નવીનીકરણ અને જાળવણી માટે સૌથી વધુ રૂ.160.95 કરોડની ફાળવણી કરવામાં આવી છે. શહેરના જળસ્ત્રોતો અને પર્યાવરણને સુધારવા તળાવોના વિકાસ માટે રૂ.19.45 કરોડ ફાળવાયા છે. ટાઉન પ્લાનિંગ (TP) અને ડેવલપમેન્ટ પ્લાન (DP) વિસ્તારોમાં રસ્તા અને સ્ટ્રીટ લાઈટ જેવી મૂળભૂત સુવિધાઓ માટે રૂ.6.16 કરોડનો સમાવેશ કરવામાં આવ્યો છે. શહેરના મહત્ત્વનાં જંક્શનોને આધુનિક ટ્રાફિક સલામતીનાં ધોરણો મુજબ વિકસાવવા માટે રૂ.3.87 કરોડ ફાળવવામાં આવ્યાં છે. બૌડા દ્વારા જાહેર કરાયેલા આ બજેટથી ભરૂચ-અંકલેશ્વર વિસ્તારમાં આધુનિક સુવિધાઓમાં વધારો થવાની અપેક્ષા છે. મુખ્યત્વે રસ્તા, લાઈટ અને તળાવોના વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરીને નગરજનોના જીવનધોરણને ઊંચું લાવવાનો આ બજેટનો ઉદ્દેશ છે, જેથી નાગરિકોને વધુ સારી અને ઉન્નત સુવિધાઓ ઉપલબ્ધ બની શકશે.

બામણીના તળાવમાંથી મહિલાનો મૃતદેહ મળ્યો

બારડોલીઃ બારડોલીના બામણી ગામના ડેરી ફળિયામાં રહેતા રણછોડભાઈ હળપતિની પુત્રી પુષ્પાબેન (ઉં.વ.૩૨) માનસિક રીતે અસ્વસ્થ હતાં. ગત તા.૧૫ માર્ચે સવારે આશરે ૧૦:૩૦ વાગ્યે તેઓ કોઈ અગમ્ય કારણોસર ગામના તળાવમાં કૂદી પડ્યાં હતાં. ઘટના અંગે જાણ થતાં બારડોલી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. આખરે સોમવારના રોજ પુષ્પાબેનનો મૃતદેહ તળાવના પાણીમાંથી શોધી કાઢવામાં આવ્યો હતો.

ભરૂચના ધોળીકુઈ વિસ્તારમાં દારૂ સાથે બુટલેગર ઝડપાયો

ભરૂચઃ શહેર સી-ડિવિઝન પોલીસે બાતમીના આધારે ધોળીકુઈ જનતા બાગ પાસે દરોડો પાડી બરાનપુરાના 57 વર્ષીય જીતેન્દ્ર ઉર્ફે જીતુ ખત્રીને રૂ.31,200ની કિંમતના વિદેશી દારૂની 60 બોટલ સાથે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આરોપી દમણ ફરવા ગયો હતો અને ખર્ચ કાઢવા વલસાડથી ટ્રેન મારફતે આ જથ્થો લાવ્યો હોવાની કબૂલાત કરી છે. પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં ચેઇન સ્નેચિંગ કેસ ઉકેલાયો, ત્રણ પકડાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વરના અંદાડા સ્થિત મંગલમ સોસાયટીમાં પાનનો ગલ્લો ચલાવતા નિરૂબેન પઢીયાર પાસે ગત ૧૫ માર્ચના રોજ બાઈક પર ત્રણ યુવકો આવ્યા હતા. ઓનલાઈન પેમેન્ટના બહાને મહિલાનું ધ્યાન ભટકાવી, આરોપીઓએ તેમના ગળામાંથી ૧.૭૦ લાખની સોનાની ચેન ઝૂંટવી લીધી હતી. મહિલાએ પ્રતિકાર કરતા તેમને ઈજા પણ પહોંચી હતી. બૂમાબૂમ થતા આરોપીઓ બાઈક મૂકીને ફરાર થઈ ગયા હતા. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરી રોહન પટેલ, મનકુમાર વેરેકર, સુમીત વસાવા અને શુભમ પરીહાર નામના ચાર શખ્સોની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar The Revenge
05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm
The Kerala Story 2
10:00am, 12:00pm, 03:00pm
Laagni No melo-Gujarati
01:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ - કલ્પેશ ડી.પટેલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડાની કોર્ટમાં

કેસ નં.૩૬૭/૨૦૨૬

અરજદારઃ નામઃ- વસંતભાઈ સજનભાઈ વળવી, રહેઃ- બેજ તા.કુકરમુંડા જી.તાપી

વિરૂધ્ધ

સામાવાળાઃ નામઃ-રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ડ.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, બાલંબા રહેઃ-ગ્રામ પંચાયત, બાલંબા

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, રેવા વનીયા વળવીનો મરણ તા.૧૫/૦૫/૧૯૮૧ ના રોજ મોજે.બેજ તા.કુકરમુંડા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ડ.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, બાલંબા ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ડ.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, બાલંબા ને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ડ.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, બાલંબા ક્યેરી ગ્રામ પંચાયત, બાલંબા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કલ્પેશ ડી.પટેલ)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડા જિ.તાપી

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૦૨/૨૦૨૬
તા.૦૯/૦૩/૨૦૨૬

વાદી :- કિંજલબેન તે મંગાભાઈ વસાવાની પુત્રી અને સ્નેહલકુમાર પટેલની પત્ની, રહે. ફ્લેટ નં.બી-૧, આર-૩૦૪, સીરાપૂ રેસીડેન્સી, પારોદરા, તા.કામરેજ, જી.સુરત- ૩૯૫૦૦૮

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી નાની પારડી ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૧૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી કિંજલબેન તે મંગાભાઈ વસાવાની પુત્રી અને સ્નેહલકુમાર પટેલની પત્ની, રહે.ફ્લેટ નં.બી-૧, આર-૩૦૪, સીરાપૂ રેસીડેન્સી, પારોદરા, તા.કામરેજ, જી.સુરત-૩૯૫૦૦૮ એ તેઓના પોતે કિંજલબેન મંગાભાઈ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામઃ કિંજલબેન મંગાભાઈ વસાવા ૨. જન્મ તારીખઃ ૧૪/૦૯/૧૯૮૮ ૩. જન્મનું સ્થળઃ મોજે.નાની પારડી, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે કિંજલબેન મંગાભાઈ વસાવાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૬/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માં